## કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો અને નેચરલ ફાર્મીંગ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો / FPO ના સભાસદોમાં ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો.

---

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો અને નેચરલ ફાર્મીંગ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ ૦૧ દિવસીય પ્રાકૃતિક ખેડુત શિબિરનું આયોજન યુનિવર્સિટી કેમ્પસ, વસો ખાતે વિકસિત વસો ફાર્મર પ્રોડ્યુસર કંપની લીમીટેડ(FPO), વસો દ્વારા સંગઠીત પ્રાકૃતિક ખેતી કરતા સ્થાનિક ૬૦ જેટલાં ખેડુતો / FPO ના સભાસદોમાં ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં ડૉ. બી. સી. પટેલ, આચાર્ય અને યુનિટ વડાશ્રી, કૃષિ મહાવિદ્યાલય-વ- કૃષિ પોલિટેકનીક, આ.કૃ.યુ., વસો દ્વારા કાર્યક્રમને અનુલક્ષી પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રાસંગીક વ્યાખ્યાન આપવામાં આવ્યું. ડૉ. સુરેશભાઈ શંકરભાઈ પટેલ, રીસોર્સ પર્સન FPO વિભાગ, નેચરલ ફાર્મીંગ એન્ડ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ દ્વારા પ્રાકૃતિક ખેતી અને FPO ની સંકલન વ્યવસ્થા વિષે સંપુર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત શ્રી અનિલભાઈ ભારતીય, ગામ જાખલા, તા. જી. આણંદ ના પ્રગતિશીલ ખેડુત દ્વારા ગાય આધારીત ખેતીના પોતાના અનુભવો વાગોળ્યા અને તેનાથી થતાં લાભો અંગે સાથી ખેડુત ભાઈઓને મહત્વ સમજાવી પ્રોત્સહીત કર્યા. આમ, સદર કાર્યક્રમ અંતર્ગત તજજ્ઞો દ્વારા ખેડુતોના પ્રશ્નોને સાંભળી તેનું નિરાકરણ કરવામાં આવ્યું. ખેડુતો દ્વારા પ્રાકૃતિક ખેતીની સમજને ઉંડાણ પુર્વક સમજી માર્ગદર્શન મેળવી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

<u>કાર્યક્રમના ફોટોગ્રાફ</u>









*******